Divyabhaskar (Ahmedabad)

June 11, 2020
Online

# અમદાવાદ / લોકડાઉન દરમિયાન ગુજરાતી વર્કીંગ-બિઝનેસ વુમનની એક સાથે બે મોરચે જંગ, ઝૂમ અને બ્રૂમ વચ્ચે લાઈફ બેલેન્સ કરી

===========================================================================



પ્રોફેસર ડો. કવિતા સક્સેના

**લોકડાઉનમાં લાઈફ ઝૂમ અને બ્રૂમ(સાવરણી) વચ્ચેની થઈ ગઈઃ પ્રોફેસર ડો. કવિતા**

EDII (આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા)ના પ્રોફેસર ડો. કવિતા સક્સેનાએ લોકડાઉન દરમિયાન પ્રોફેસર તરીકેની જવાબદારી નિભાવવા અંગે DivyaBhaskar સાથે વાત કરતા કહ્યું કે, લોકડાઉન થતાની સાથે જ લાઈફ ZOOM અને BROOM(સાવરણી) વચ્ચેની થઈ ગઈ હતી. ઘરમાં એકતરફ કામ અને બીજી તરફ zoom પર ઓફિસની મીટિંગ કરવાની અને ક્લાસ લેવાના હતા. પહેલા 10-15 દિવસ તકલીફ પડી હતી પરંતુ પછી ખ્યાલ આવી ગયો કે તેની સાથે એડજસ્ટ થવું પડશે અને ધીરે ધીરે થઈ પણ ગયા. ક્યારેય વિચાર્યું ન હતું કે હવે બધું સ્ટડી ઓનલાઇન જ થઈ જશે. લોકડાઉના સમયમાં ટેકનોલોજીનો ખુબ જ સારો ઉપયોગ થયો છે. વર્ક ફ્રોમ હોમના કારણે કામમાં ઘણી સરળતા રહી હતી. લોકડાઉનને ઘણો બધો બદલાવ લાવી દીધો છે.